ક્રમાંક:રાપબો/CET/2026-27/ 14137-222

રાજય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા: 4/12/2025

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય:કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) 2026 તેમજ આ પરીક્ષાના માર્ગદર્શન માટે તા.06/12/2025ના રોજ યોજાનાર ટેલિકોન્ફરન્સ નિહાળવા બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજય સરકાર દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ 2026-27 માટે જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ અને રક્ષાશક્તિમાં ધોરણ-૬માં પ્રવેશ તથા ગુજરાત ટ્રાયબલ એજયુકેશન સોસાયટી હસ્તકની ઇ.એમ.આર.એસ. અને સૈનિક શાળાઓમાં ધોરણ-૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના ધોરણ-પના વિદ્યાર્થીઓની કોમન પ્રવેશ પરીક્ષા (CET) તા.31/01/2026, શનિવારના રોજ રાજયના તમામ જિલ્લાઓમાં યોજાનાર છે. (જાહેરનામું આ સાથે સામેલ છે)

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા.01/12/2025ના રોજ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) પરીક્ષાનું જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે. આ પરીક્ષાના ફોર્મ રાજયની સરકારી, અનુદાનિત અને ખાનગી (બિન અનુદાનિત) શાળાઓના વિદ્યાર્થીઓ તા.02/12/2025 થી તા.15/12/2025 સુધીના સમયગાળા દરમ્યાન શાળાના સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરના **https://web.convegenius.ai/chat** પોર્ટલ પરથી શિક્ષકો દ્વારા ઓનલાઇન ફોર્મ ભરી શકશે. આ પરીક્ષા નિઃશુલ્ક રહેશે.

વર્ષ 2026-27ની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) યોજના અંતર્ગત લેવાનાર પરીક્ષા પદ્ધતિથી તથા આનુષાંગિક બાબતોથી માહિતીગાર કરવા માટે **તા.06/12/2025ના શનિવારના રોજ 10.30 થી 11.30 કલાકે** સુધી બાયસેગ નેટવર્કના માધ્યમથી એક ટેલિકોન્ફરન્સ કરવાનું આયોજન કરેલ છે. આ ટેલિકોન્ફરન્સમાં **માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, માન.પ્રાથમિક નિયામકશ્રી તેમજ નિયામકશ્રી, જીસીઇઆરટી દ્વારા માર્ગદર્શન આપવામાં આવનાર છે.**

આથી ઉકત ટેલિકોન્ફરન્સમાં આપની તાબા હેઠળની તમામ શાળાના આચાર્યશ્રી, (ધોરણ-પ વર્ગ શિક્ષકશ્રી) ટી.પી.ઇ.ઓ., બી.આર.સી., યુ.આર.સી. તેમજ સી.આર.સી.કો.ઓ. આ ટેલિકોન્ફરન્સ નિહાળે તેવી સુચના આપની કક્ષાએથી કરવા વિનંતી છે. આ પ્રસારણ (1) વંદે ગુજરાત ચેનલ નંબર-પ (2) યુ ટયુબ ચેનલ (લાઇવ) GujaratEclass ના માધ્યમથી નિહાળી શકાશે.

તદ્ઉપરાંત આ પરીક્ષાના માર્ગર્શન માટે તજજ્ઞો દ્વારા આ સાથેના સમયપત્રક મુજબ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) ધોરણ-પના વિદ્યાર્થી માટે દર શુક્રવાર **4.00 થી 5.00** કલાકે તેમજ દર શનિવાર સવારે **9.00 થી 10.00** કલાકે પ્રસારણ કરવામાં આવશે. સંબંધિત ધોરણના વિદ્યાર્થી તેમજ સંબંધિત વર્ગના શિક્ષકશ્રી આ કાર્યક્રમ નિહાળે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા વિનંતી છે.

ઉપરોકત જાહેરનામું તેમજ ટેલીકોન્ફરન્સની વિગતો દરેક શાળા સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા વિનંતી.

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ અને
નિયામક, જીસીઇઆરટી

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ-

- માન.અગ્રસચિવશ્રી (પ્રા.અને મા.શિક્ષણ) શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર

# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

કોમન પ્રવેશ પરીક્ષા-૨૦૨૬-૨૭ જાહેરનામું

**Common Entrance Test (CET) 2026-27 Notification**

## જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ અને રક્ષાશક્તિ સ્કુલ્સમાં ધોરણ-૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના માટેની પરીક્ષા

**કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)-2026**

જાહેરનામાં ક્રમાંક:રાપબો/CET/2026/13802-903 તા.01/12/2025

વંચાણે લીધા:-

1. શિક્ષણ વિભાગના તા.૩૧/૦૭/૨૦૨૧ના GR/NO.SSA/1121/267258/CH
2. શિક્ષણ વિભાગના તા.૧૧/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:સસબ/૧૨૧૭-૫૬૭(પા.ફા.૧)/ગ-૧
3. શિક્ષણ વિભાગના તા.30/૦૧/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:સસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન
4. શિક્ષણ વિભાગના તા.૦૭/૦૬/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:સસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન
5. શિક્ષણ વિભાગના તા.૨૨/૦૯/૨૦૨૩ના સુધારા ઠરાવ ક્રમાંક:સસબ/૧૨૧૭/૫૬૭(પા.ફા.૧/ગ.૧
6. શિક્ષણ વિભાગના તા.૨૧/૧૦/૨૦૨૩ના સુધારા ઠરાવ ક્રમાંક:સસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન
7. સમગ્ર શિક્ષા કચેરીનો તા.૧૫/૦૯/૨૦૨૫નો પત્રાંક:સમગ્રશિક્ષા/મકમ/જ્ઞાનશક્તિ/૨૦૨૫/૫૧૬૨૭-૬૩૦

રાજય સરકાર દ્વારા વર્ષ 2023-24ના શૈક્ષણિક સત્રથી જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ અને રક્ષાશક્તિ સ્કુલ્સમાં ધોરણ-૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટના (CET) મેરીટના આધારે સ્કોલરશીપ યોજના શરૂ થયેલ છે.

વર્ષ 2026-27ના શૈક્ષણિક વર્ષ માટે આ યોજના હેઠળની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ(CET) રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૩૧/૦૧/૨૦૨૬ના શનિવારના રોજ રાજયના તમામ જિલ્લાઓમાં યોજાનાર છે.

સરકારી અને ગ્રાન્ટેડ (સરકારી, પંચાયત, નગરપાલિકા કે મહાનગરપાલિકા સંચાલિત શાળા, આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની સરકારી કે ગ્રાન્ટેડ શાળા, ટ્રાયબલ એજયુકેશન સોસાયટી સંચાલિત શાળા) શાળાઓમાં ધોરણ-૧ થી ૫ નો અભ્યાસક્રમ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ અને રક્ષાશક્તિ સ્કુલ્સમાં ધોરણ-૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત કોમન એન્ટ્રન્સ ટેસ્ટના (CET) મેરીટના આધારે મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત પ્રવેશ/સ્કોલરશીપનો લાભ ધોરણ-૬ થી ૧૨ સુધીના અભ્યાસ માટે ઠરાવની જોગવાઇઓ મુજબ મળવાપાત્ર રહેશે.

સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ-૧ થી ૫ અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને ફક્ત રક્ષાશક્તિ સ્કુલ્સમાં (25% બેઠકો) કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) ના મેરીટના આધારે ધોરણ-૬માં પ્રવેશ આપવામાં આવશે.

ઉપરોકત તમામ શાળાઓમાં ધોરણ-૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) યોજવાનું આયોજન કરવામાં આવેલ છે. જેનો કાર્યક્રમ નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડવાની તારીખ | 01/12/2025 |
| ૨ | ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | 02/12/2025 થી 15/12/2025 |
| 3 | પરીક્ષા ફી | નિઃશુલ્ક |
| ૪ | પરીક્ષાની તારીખ | 31/01/2026 |

1. <u>પરીક્ષા માટેની યોગ્યતા:-</u>

➢ સરકારી અને અનુદાનિત શાળાઓમાં ધોરણ ૧ થી ૫નો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ(CET)આપી શકશે. કોમન એન્ટ્રન્સ ટેસ્ટ(CET)ની મેરીટ યાદીમાં સમાવેશ થયેલ વિદ્યાર્થીઓને જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ અને રક્ષાશક્તિ સ્કુલ્સમાં ધોરણ-૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાનો ઉપરોકત શાળાઓમાં ધોરણ-૬માં પ્રવેશ તથા મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવશે.

➢ સ્વનિર્ભર/ખાનગી શાળાઓના ધોરણ-૫નો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ ફકત રક્ષાશક્તિ સ્કુલ્સ (25% બેઠકોની મર્યાદામાં) ધોરણ-૬ના પ્રવેશ માટે આ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ આપી શકાશે. આ કોમન એન્ટ્રન્સ ટેસ્ટના મેરીટના આધારે રક્ષાશક્તિ સ્કુલ્સમાં ધોરણ-૬માં પ્રવેશ આપવામાં આવશે.

2. <u>પરીક્ષા ફી:-</u>

➢ આ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) નિઃશુલ્ક રહેશે.

3. <u>કસોટીનું માળખુ:-</u>

➢ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (Multiple Choice Question- MCQ Based) રહેશે.

➢ કોમન એન્ટ્રન્સ ટેસ્ટનું પ્રશ્નપત્રમાં ૧૨૦ પ્રશ્નો અને ૧૨૦ ગુણ તથા સમય ૧૫૦ મિનિટનો રહેશે.

➢ કોમન એન્ટ્રન્સ ટેસ્ટનું માધ્યમ ગુજરાતી/અંગ્રેજી ભાષામાં રહેશે.

➢ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ(CET) ધોરણ-૫ના અભ્યાસક્રમ પર રહેશે. જેમાં ગણિત, ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને પર્યાવરણ વિષય તથા તાર્કિક તર્ક ક્ષમતા કસોટી અને સામાન્ય જ્ઞાન વિષય આધારિત પ્રશ્નો રહેશે. પ્રશ્નો અધ્યયન નિષ્પત્તિ સિદ્ધિ ચકાસણી કરે તે પ્રકારના રહેશે.

➢ કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં નીચે મુજબના વિષય તથા ગુણભાર રહેશે.

| ક્રમ | વિષય | પ્રશ્નો | ગુણ |
|---|---|---|---|
| ૧ | તાર્કિક ક્ષમતા કસોટી | 30 | 30 |
| ૨ | ગણિત સજ્જતા | 30 | 30 |
| 3 | પર્યાવરણ | ૨૦ | ૨૦ |
| ૪ | ગુજરાતી | ૨૦ | ૨૦ |
| ૫ | અંગ્રેજી-હિન્દી | ૨૦ | ૨૦ |
| | કુલ | ૧૨૦ | ૧૨૦ |

<u>નોંધ:-આ પરીક્ષામાં 30 % પ્રશ્નો **NEP-2020** મુજબ **Competency based Question**</u> પુછવામાં આવશે.

4. <u>પરીક્ષા કેન્દ્ર:</u>

➢ પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા તથા પરીક્ષાલક્ષી વહીવટી અનુકૂળતા અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યમાં જે તે તાલુકામાં કસોટી/પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે. (ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના પરીક્ષાના કેન્દ્રો) ઉમેદવારે બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર સ્વખર્ચે પરીક્ષા આપવા ઉપસ્થિત થવાનું રહેશે.

5. <u>કોમન એન્ટ્રન્સ ટેસ્ટનું પરિણામ અને મેરીટ લિસ્ટ</u>

- આ પરીક્ષાનું પરિણામ રાજય પરીક્ષા બોર્ડની વેબસાઈટ www.sebexam.org પર પ્રસિધ્ધ કરવામાં આવશે.
- કોમન એન્ટ્રન્સ ટેસ્ટ પરીક્ષામાં Cut Off કરતાં વધુ ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરને યાદી સુપ્રત કરવામાં આવશે.
- ઉપર મુજબની યાદી પૈકીના બાળકોના દસ્તાવેજોની ખરાઈ સરકારી શાળાઓના કિસ્સામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને અનુદાનિત શાળાઓના કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા નિયામકશ્રી, શાળાઓની સૂચના અનુસાર કરવાની રહેશે.

6. <u>શાળા પસંદગી:-</u>

- આ કોમન એન્ટ્રન્સ ટેસ્ટના મેરીટના આધારે આ શાળાઓમાં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ માટેની પસંદગી માટેની પ્રક્રિયા નિયામકશ્રી, શાળાઓની કચેરી દ્વારા નકકી કરવામાં આવે તે મુજબની રહેશે.

7. <u>અગત્યની સુચનાઓ-</u>

1. આ પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઇન ફોર્મ જ માન્ય રહેશે.
2. મેરીટ મુજબ જ બાળકોને પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવશે.
3. પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે <u>http://www.sebexam.org</u> વેબસાઈટ જોતા રહેવાનું રહેશે.
4. રાજયની સરકારી, અનુદાનિત અને ખાનગી (બિન અનુદાનિત) પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના ઓનલાઇન આવેદન કરવા માટે સમગ્ર શિક્ષા કચેરીના ઓનલાઇન પોર્ટલ **https://web.convegenius.ai/chat** પરથી આ પ્રવેશ પરીક્ષાના આવેદન પત્રો ઓનલાઇન ભરી શકાશે.
5. ઓનલાઇન અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો અંગે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ખરાઇ કરવામાં આવતી નથી. આથી વ્યક્તિગત માહિતી તેમજ અન્ય વિગત માટે વિદ્યાર્થી પોતે જ જવાબદાર રહેશે.
6. આ કસોટી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આવેદનપત્ર ઓનલાઇન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો વિદ્યાર્થી દ્વારા છુપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું બોર્ડને માલુમ પડશે તો તેવા વિદ્યાર્થીના પરિણામ રદ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ લેશે. પરીક્ષાલક્ષી તમામ બાબતો માટે અધ્યક્ષશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડનો નિર્ણય આખરી રહેશે.
7. આ પ્રવેશ પરીક્ષાના ફોર્મ મોડલ સ્કુલ શાળામાં, બી.આર.સી.ભવન અને સી.આર.સી.ભવનમાં તથા જે તે વિદ્યાર્થીની પોતાની શાળાઓમાંથી તદ્દન નિશુલ્કમાં ભરવામાં આવશે. સ્વનિર્ભર શાળાના વિદ્યાર્થી માત્ર રક્ષાશક્તિ સ્કુલ્સ માટે જ પ્રવેશ ફોર્મ ભરી શકશે. રક્ષાશક્તિ સ્કુલ્સમાં સ્વનિર્ભર શાળાઓના વધુમાં વધુ ૨૫% વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવશે.
8. વિદ્યાર્થી વેબસાઇટ પર ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે.
9. હોલ ટિકિટની જાણકારી આપની શાળા દ્વારા જણાવવામાં આવશે ઉપરાંત આપના રજીસ્ટર મોબાઇલમાં એસ.એમ.એસ.દ્વારા જાણ કરવામાં આવશે અથવા આપના દ્વારા www.sebexam.org વેબસાઇટ ચેક કરતા રહેવુ પડશે.
10. વિદ્યાર્થી હોલ ટીકીટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે/પાછળ આપેલી સુચનાઓ વિગતવાર અભ્યાસ કરવો. હોલટીકીટ સાથે પરીક્ષા વખતે આપવામાં આવતી OMR શીટના નમુના પર છાપેલ તમામ સુચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો ખુબ જરૂરી છે. જેથી પરીક્ષા સમયે કોઇ ગુંચવણ ઉભી ન થાય.

11. હોલ ટીકીટની કોપી કાઢયાબાદ વિદ્યાર્થીઓને શાળામાં અભ્યાસ કરતા હોય તે શાળાના આચાર્યશ્રીના સહી, સિકકા તેમજ બાળકે પોતાનો પાસપોર્ટ સાઇઝનો ફોટો હોલ ટીકીટ પર ચોટાડવાનો રહેશે.
12. રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાઇ રહેલ આ કસોટી બાબતે વિદ્યાર્થી તેમજ વાલીએ લાલચ કે છેતરપીંડી આચારે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઇપણ જાતની લાગવગ લાવનાર વિદ્યાર્થીને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
13. ઉકત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂરી જણાય તો ચાલુ કામકાજના દિવસે શાળા સમય દરમ્યાન બી.આર.સી./ટી.પી.ઇ.ઓ.શ્રીની કચેરીનો સંપર્ક કરી શકાશે. (યાદી આ સાથે સામેલ છે.) ટી.પી.ઇ.ઓ. કચેરી માટે સંબંધિત તાલુકા પંચાયતની કચેરીમાં સંપર્ક કરી શકાશે.
14. વિદ્યાર્થી પોતાની કમ્પ્યુટરાઈઝ હોલટિકિટ પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.
15. મેરીટ યાદી ધોરણ-૬ના પ્રવેશ માટેની બેઠકોની સંખ્યા તેમજ સ્કોલરશીપ પરીક્ષાના લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને રાખી સરકારશ્રીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવશે.
16. મેરીટમાં આવેલ વિદ્યાર્થીને પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ આપવા તથા આનુષાંગિક બાબત અંગેની સમગ્ર પ્રક્રિયા નિયામકશ્રી, શાળાઓની કચેરી દ્વારા હાથ ધરવામાં આવશે.
17. મેરીટમાં આવેલ વિદ્યાર્થીને પ્રવેશ તેમજ સ્કોલરશીપના લાભ લેવા માટે નિયામકશ્રી, શાળાઓના પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવામાં આવશે. કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) પરીક્ષાના ફોર્મમાં શિક્ષક/વાલીનો જે મોબાઇલ નંબર દર્શાવેલ હશે તે જ નંબર પર પ્રવેશ/સ્કોલરશીપ અંગે કોમ્યુનિકેશન માટે નિયામકશ્રી, શાળાઓના દ્વારા ઉપયોગમાં લેવામાં આવશે. જેથી યોગ્ય શિક્ષક/વાલીનો યોગ્ય મોબાઇલ નંબર દર્શાવવો.

8. ઓનલાઈન અરજી કરવાની સુચનાઓ :

1) અરજી ફોર્મ ચોકસાઈપૂર્વક online ભરવાનું રહેશે. નામ, અટક, જન્મ તારીખ, જાતિ (કેટેગરી) કે અન્ય કોઈ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.
2) સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
3) રાજયની સરકારી, અનુદાનિત અને ખાનગી (બિન અનુદાનિત) પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના ઓનલાઇન આવેદન કરવા માટે સમગ્ર શિક્ષા કચેરીના ઓનલાઇન પોર્ટલ **https://web.convegenius.ai/chat** પરથી તા.02/12/2025 થી 15/12/2025 દરમ્યાન આ પ્રવેશ પરીક્ષાના આવેદન પત્રો ઓનલાઇન ભરી શકાશે.

9. ઓનલાઈન અરજી કરવાની રીત

રાજયની સરકારી, અનુદાનિત અને ખાનગી (બિન અનુદાનિત) પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના ઓનલાઇન આવેદન કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.

1. સૌ પ્રથમ **https://web.convegenius.ai/chat** પોર્ટલ પર જવું.
2. શાળાના ડાયસ કોડથી લોગીન કરવું.
3. ત્યારબાદ શાળાના કોઈ પણ એક શિક્ષકના ટીચર કોડ નાંખો (ધોરણ 05 ભણાવતા શિક્ષકના કોડને પ્રાથમિકતા આપવી, જો તેમની બદલી કે નિવૃત્તિ થઈ હોય તો, શાળાના અન્ય શિક્ષક નો કોડ એડ કરવો)
4. હવે ધોરણ-5 પર ક્લિક કરવું, ધોરણ-5 ના તમામ વિદ્યાર્થીઓના કોડનું લીસ્ટ સ્ક્રીન પર દેખાશે. તમામ વિદ્યાર્થીઓનું એક પછી એક ફોર્મ ભરવાનું રહેશે.
5. ત્યારબાદ વિદ્યાર્થીના કોડ પર ક્લિક કરો, તેનું ફોર્મ ખુલશે, ફોર્મમાં શિક્ષક અને વાલીના મોબાઈલ નંબર સિવાયનો ઓટો ફેચ કરેલો ડેટા છે, શિક્ષક અને વાલીનો મોબાઈલ નંબરની વિગત ભર્યા બાદ ઓટો ફેચ થયેલ ડેટા પૈકી, કેટેગરી, કાસ્ટ, સબ કાસ્ટ અને માધ્યમ જો ખોટી દર્શાવતી હોય તો સુધારો કરી શકાશે.

6. તમામ વિગતો ભરાયા બાદ ફોર્મ ની નીચે save બટન પર ક્લિક કરવાનું રહેશે.
7. જેથી વિદ્યાર્થીઓના ફોર્મ save થતાં રહેશે તેમની સામે saved દર્શાવશે.
8. આ રીતે તમામ વિદ્યાર્થીના ફોર્મ ભરાઈ ગયા બાદ સબમિટ બટન પર ક્લિક કરવાનું રહેશે.
9. ત્યારબાદ સેવ કરી એપ્લીકેશન પ્રિન્ટ કરવાની રહેશે.

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ:ગાંધીનગર
તારીખ:01/12/2025

<u>નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:</u>

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ. (શાસનાધિકારીશ્રી તમામ)
- સ્ટેટ એમ.આઇ.એસ., વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>

- માન.શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.અગ્રસચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગુ.રા.,ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા-સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગુ.રા.,ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગુ.રા.,ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.

# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

કોમન પ્રવેશ પરીક્ષા-૨૦૨૬-૨૭ વધારાનું જાહેરનામું

**Common Entrance Test (CET) 2026-27 Addition Notification**

જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ અને રક્ષાશક્તિ સ્કુલ્સ તથા ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી સંચાલિત (એકલવ્ય મોડેલ રેસીડેન્સિયલ સ્કુલ અને સૈનિક શાળા)માં ધોરણ-૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના માટેની

**કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)-2026**

---

જાહેરનામાં ક્રમાંક:રાપબો/CET/2026/13929 – 14029     તા.04/12/2025

વંચાણે લીધા:-

1. રાજય પરીક્ષા બોર્ડના તા.૦૧/૧૨/૨૦૨૫ના જાહેરનામા ક્ર: રાપબો/CET/2026/૧૩૮૦૨-૯૦૩
2. કાર્યપાલક નિયામકશ્રી, GSTEM કચેરીનો તા.૦૨/૧૨/૨૦૨૫નો પત્રાંક:ફાનં.ટીડી/ ઇએમઆરએસ/ ૨૦૨૫/૮૩૩

આમુખ-1 અન્વયે રાજય પરીક્ષા બોર્ડના તા.૦૧/૧૨/૨૦૨૫ના કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) – ૨૦૨૬નું જાહેરનામું તા.૦૧/૧૨/૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ જાહેરનામામાં સમગ્ર શિક્ષા કચેરીના ઓનલાઇન પોર્ટલ https://web.convegenius.ai/chat પરથી તા.02/12/2025 થી 15/12/2025 દરમ્યાન આ પ્રવેશ પરીક્ષાના આવેદન પત્રો ઓનલાઇન ભરાવવા અંગેની પ્રક્રિયા હાલ કાર્યરત છે.

આમુખ-2 અન્વયે કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી કચેરીના પત્રથી ગત્ વર્ષની જેમ વર્ષ ૨૦૨૬-૨૭માં લેવાનાર કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)ના મેરીટના આધારે ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી હસ્તકની શાળાઓ (એકલવ્ય મોડલ રેસીડેન્સિયલ સ્કુલ્સ (EMRS) અને સૈનિક શાળા)માં મેરીટમાં સમાવેશ થયેલ આદિજાતિ વિદ્યાર્થીઓને ધોરણ-૬માં પ્રવેશ આપવામાં આવનાર છે. આ માટે કોઇ અલગથી પરીક્ષા લેવામાં આવશે નહિ. પરંતુ આ જ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)ના મેરીટના આધારે આ શાળાઓમાં પ્રવેશ આપવામાં આવશે.

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી હસ્તકની ધોરણ-૬માં પ્રવેશ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)માં ગત્ વર્ષ અનુસાર ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭ માં સમાવેશ કરવામાં આવે છે. તથા આમુખ-૧ ના જાહેરનામાની અન્ય વિગતો યથાવત રહેશે. પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર રહેવા માટે માટે http://www.sebexam.org વેબસાઈટ જોતા રહેવાનું રહેશે.

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

તારીખ:04/12/2025
સ્થળ:ગાંધીનગર

નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (સબંધિત શાળાઓને જાણ કરવા સારૂં) તમામ. (શાસનાધિકારીશ્રી તમામ)
- સ્ટેટ એમ.આઇ.એસ., વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.

(P.T.O.)

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન.શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન.અગ્રસચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગુ.રા.,ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગુ.રા.,ગાંધીનગર.
- માન.કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગુ.રા.,ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.

<u>કોમન પ્રવેશ પરીક્ષા (CET-2026) માટે VSK સ્ટુડિયો દ્વારા બાયસેગ મારફત પ્રસારણનું ટાઇમ ટેબલ</u>

| ક્રમ | તારીખ/વાર | સમય | વિગત/યોજનાનું નામ |
|---|---|---|---|
| 1. | (ટેલિકોન્ફરન્સ)<br>તા.06/12/2025, શનિવાર | 10.30 થી 11.30 | કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026)<br>પરીક્ષાલક્ષી માર્ગદર્શન |
| 1. | 12/12/2025, શુક્રવાર | 4.00 થી 5.00 | કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026) |
| 2. | 13/12/2025, શનિવાર | 9.00 થી 10.00 | કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026) |
| 3. | 19/12/2025, શુક્રવાર | 4.00 થી 5.00 | કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026) |
| 4. | 20/12/2025, શનિવાર | 9.00 થી 10.00 | કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026) |
| 5. | 26/12/2025, શુક્રવાર | 4.00 થી 5.00 | કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026) |
| 6. | 27/12/2025, શનિવાર | 9.00 થી 10.00 | કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026) |
| 7. | 02/01/2026, શુક્રવાર | 4.00 થી 5.00 | કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026) |
| 8. | 03/01/2026, શનિવાર | 9.00 થી 10.00 | કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026) |
| 9. | 09/01/2026, શુક્રવાર | 4.00 થી 5.00 | કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026) |
| 10. | 10/01/2026, શનિવાર | 9.00 થી 10.00 | કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026) |
| 11. | 16/01/2026, શુક્રવાર | 4.00 થી 5.00 | કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026) |
| 12. | 17/01/2026, શનિવાર | 9.00 થી 10.00 | કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026) |
| 13. | 23/01/2026, શુક્રવાર | 4.00 થી 5.00 | કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026) |
| 14. | 24/01/2026, શનિવાર | 9.00 થી 10.00 | કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET-2026) |